અરજી આપ્યા તારીખ: ૧૯–૦૬–૨૦૧૨
હુકમ તારીખ: ૧૮ –૧૧–૨૦૧૬
સમયગાળો : વર્ષ માસ દિવસ
૦૪ ૦૪ ૨૯

**IN THE PRINCIPAL CIVIL & J.M.F.C. COURT AT JAMBUSAR**

**REGULAR CIVIL SUIT NO. 72 OF 2012.**

**Plaintiff :**

**1.** KHODABHAI SHANKARBHAI RAVAL,
AT NADA, TA JAMBUSAR,
DIS. BHARUCH.

**VERSUS**

**Defendant :**

1. HARIBHAI SOMABHAI VAGHELA,
AT NADA, TA JAMBUSAR,
DIS. BHARUCH.

2. CHANDUBHAI KALABHAI VAGHELA,
AT NADA, TA JAMBUSAR,
DIS. BHARUCH.

Appearance:
L. A.MR. M. I. DOLA For Plaintiff

L. A. MR. G. S.. PATEL For Defendant

---

–: **આંક–૫ લગત હુકમ** :–

૧. વાદીએ હાલની અરજી સી.પી.સી. ઓર્ડર–૩૯, રુલ–૧, ૨ તથા કલમ–૧૫૧ મુજબ કામચલાઉ મનાઈહુકમ મેળવવા અરજ કરેલી છે. સદર હુકમ આંક–૫ લગત કરવામાં આવતો હોય વાદીની

આંક–પની અરજીની ટુંકમાં હકીકત એવી છે કે, મોજે ગામ નાડા, તા. જંબુસર, જી. ભરુચની સીમ મધ્યે હીરાવગામાં ગ્રામ પંચાયત મિલકત નં. ૭૧૯ તથા બીજું મકાન જેનો ગ્રામ પંચાયત મિલ્કત નં. ૬૭૭થી આવેલ છે, સદરહું મિલ્કત વાદીની માલીકી કબજા ભોગવટાની છે, જેની ચતુરદિશા નીચે મુજબ છે.

પૂર્વે : રસ્તો મુકી જેઠા દેસાઈનું મકાન આવેલ છે.

પશ્ચિમેઃ સરકારી કાસ મુકીને સોમા નાનસંગનું મકાન આવેલ છે.

ઉત્તરે : આંગણવાડી આવેલ છે.

દક્ષિણે : ચંદુભાઈ કાવાભાઈનું મકાન આવેલ છે તેમજ મિલ્કત નં. ૬૭૭ની ઉત્તરે હરીભાઈનું મકાન આવેલું છે.

ઉપરકોકત મિલ્કત યાને રહેવાનાં મકાનો આવેલાં છે, સદરહું મકાનના મુળ માલીક વાદીના માતા નામે જમનાબેન શંકરભાઈ હતા અને તેઓના ગુજરતા વાદી તેમના સીધીલીટીના વારસદાર અને દિકરા થતાં હોઈ, સદર મિલ્કતના સ્વતંત્ર માલીક અને કબજેદાર વાદી બનેલા છે અને સદર મિલ્કતમાં વર્ષોથી કબજો ભોગવટો વાદીનો ચાલતો આવેલો છે અને સરકારી રેકર્ડમાં પણ સદર મિલ્કત વાદીના માતાના નામે ચાલે છે. વાદી તેમની આંક–પની અરજીમાં વધુમાં જણાવે છે કે, અરજીવાળી મિલ્કત નં.૭૧૯ની દક્ષિણ તરફ અને પ્રતિવાદીની મિલ્કતની પશ્ચિમ તરફ વાદીની માલીકીની જગ્યામાં કે જે વાદીના વાપર–ઉપયોગ કરવાની ખુલ્લી માલીકીની જગ્યા આવેલ છે, સદર જગ્યામાં પ્રતિવાદી નં.૧ ગેરકાયદેસર બાંધકામ કરતા હોય અને પ્રતિવાદી નં.૧નાએ વાદીની મિલ્કતમાં હાલમાં ૧૧ ફુટ જેટલું ગેરકાયદેસર દબાણ કરી લીધેલ છે અને હાલમાં પણ ગેરકાયદેસર બાંધકામ કરી રહેલા છે તેમજ પ્રતિવાદી નં.રનઓ વાદીની મિલ્કત નં. ૬૭૭ની ઉત્તર દીશાએ અને પોતાની મિલ્કતની દક્ષિણ દિશામાં વાદીની કબજા ભોગવટાની જગ્યામાં દબાણ કરી રહેલા છે અને પ્રતિવાદી નં.રએ અંદાજે ૬ ફુટ જેટલું બાંધકામ ગેરકાયદેસર રીતે કરીલીધેલ છે અને હાલમાં પણ પ્રતિવાદી નં. ર બાંધકામ કરી રહેલા છે, જેથી વાદીએ આ કામના પ્રતિવાદીઓને ગેરકાયદેસર બાંધકામ નહિ ક રવા બાબતે જણાવતાં પ્રતિવાદીઓએ વાદીને જણાવેલકે,અમો અહીયા બાંધકામ કરી લેવાના છે અને સદરહું ખુલ્લી જગ્યાનો કબજો કરી લેવાના

છે, તમારાથી થાય તે કરી લેજો, કોર્ટના દરવાજા તમારા માટે ખુલ્લાં છે, આમ પ્રતિવાદીઓને સમજાવેલ તેમછતાં પ્રતિવાદીઓએ સદર વાદીની મિલ્કતમાં વધુ બાંધકામ કરવાની ધમકી આપેલ છે, જો પ્રતિવાદીઓ તેમની બુરી નેમમાં ફાવી જાય તો વાદીને તેઓની કાયદેસરની મિલ્કતમાંથી હાથ ધોવા પડે અને અનિવાર્ય એવું નુકશાન થાય અને વાદીના કાયદેસરના અધિકાર પર તરાપ પડે, જેથી વાદીને હાલની દરમ્યાન મનાઈ હુકમ મેળવવાની અરજી આપવી પડેલ છે.

૨. સદર દાવા અરજી તા આંક–પની મનાઈ અરજી દાખલ થતાં પ્રતિવાદીઓને સમન્સ, નોટીસ ઈસ્યુ કરવાનો હુકમ કરતાં પ્રતિવાદીઓ તેમના વિ.વ.શ્રી જી. એસ. પટેલ મારફત હાજર થયેલ છે અને વાદીની આંક–પથી અરજી વિરુઘ્ધ પોતાનો લેખીત જવાબ આંક–૧૩થી રજુ કરી જણાવેલ છે કે, વાદીની મનાઈ અરજીના પેરા–૧માં જણાવેલ હકીકત માત્ર રહેતીમાં વહાણ ચલાવવા ઉપજાવી કાઢેલ હોય તેઓને કબુલ મંજુર નથી અને પ્રતિવાદીઓ તેનો સ્પષ્ટપણે ઈન્કાર કરે છે, વાદી મનાઈ અરજીના પેરા–૪ કરી જે કારણ જણાવે છે તેવું કોઈ કાયદેસરનું કારણ પ્રતિવાદીઓની વિરુઘ્ધ ઉત્પન્ન થયેલ નથી તેમજ વાદીએ મનાઈ અરજીના પેરા–૬ કરી જે દાદ માંગેલી છે તેવી કાયદેસરની દાદ મેળવવા વાદી હકકદાર નથી. પ્રતિવાદીઓ સાચી અને વિશેષ હકીકત જણાવતાં જણાવે છે કે, વાદીના વડવાઓનું કોઈ મકાન ત્યાં આવેલ નથી, વાદી મુળ નાડા ગામના નથી, પરંતુ વાદી ગજેરા, તા. જંબુસરના વતની છે અને પ્રતિવાદીઓના વડવાઓથી સદર મકાનો વડીલોપાર્જીત આવેલાં છે અને સદર મકાનો માટીના ચણતરના કાચા મકાનો આવેલાં છે અને હાલમાં ચોમાસું નજીક આવી રહયું હોવાથી પ્રતિવાદીઓના તથા અન્ય ઘરો જે આવેલા છે તે પડી જાય તેવી હાલતમાં હોય પ્રતિવાદીઓ સદર ઘરોને માત્ર રીપેરીંગ કરાવે છે તેમજ પ્રતિવાદીઓના મકાનની આગવી દીવાલો આવેલી છે, વાદીના મકાન સાથે કોઈ સહીયારી દીવાલો આવેલી નથી, પ્રતિવાદીઓએ વાદીના ઘરની કે તેની કોઈ જગ્યાની એક ઈંચ જગ્યામાં દબાણ કરેલ નથી કે તેઓને નાડા ગ્રામ પંચાયતે દબાણ દુર કરવાની કોઈ નોટીસ આપેલ નથી, પ્રતિવાદીઓના જુનાં ઘરો પડી જાય તેવાં હોય કાયદેસર નાડા ગ્રામ પંચાયતનો ઘરોનો સુધારો કરવા માટે પરવાનગી માટેનો ઠરાવ ગ્રામ પંચાયતે મંજુર કરી પ્રતિવાદીઓને તા. ૨–૬–૧૨ના રોજ બાંધકામ કરવાની પરવાનગી આપેલ છે અને સદર

પરાવનગીથી પ્રતિવાદીઓ તેમનાં મકાનોને રીપેરીંગ તથા બાંધકામ કરે છે. સદર તમામ હકીકતો જણાવી પ્રતિવાદીઓએ વાદીની દરમ્યાન મનાઈ અરજી રદ કરી તેઓને કોમ્પેનસેટરી કોસ્ટ રૂા. ૨૫૦૦/– અપાવવા વિનંતી કરેલ છે.

૩. સદર કામે વાદીઓ તરફે આંક–૩ના લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

(૧) નિ. ૩/૧થી મિલ્કત નં. ૬૭૭ની આકારણીની અસલ નકલ,
(૨) નિ. ૩/૨થી મિલ્કત નાં.૭૧૯ની આકારણીની અસલ નકલ,
(૩) નિ. ૩/૩થી જમનાબેનના મરણના દાખલાની નકલ,
(૪) નિ. ૩/૪થી તલાટી કમ મંત્રી, નાડાએ આપેલ અસલ દાખલો,
(૫) નિ. ૩/૫થી ગ્રામ પંચાયત, નાડાએ આપેલ વેરા ભર્યા અંગેની પહોંચની નકલ,
(૬) નિ. ૩/૬થી ગ્રામ પંચાયત, નાડાએ આપેલ વેરા ભર્યા અંગેની પહોંચની નકલ.,
(૭) નિ. ૧૦/૨થી કોર્ટ કમીશ્નરશ્રીએ રજુ કરેલ દાવાવાળી જગ્યાનો નકશો,
(૮) નિ. ૧૦/૩થી કોર્ટ કમીશ્નશ્રીએ કરેલ દાવાવાળી જગ્યાનું પંચનામું.

૪. સદર કામે પ્રતિવાદી તરફે કોઈ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી.

૫. વાદી તરફથી તેમના વિ.વ.શ્રી એમ.આઈ. દોલા તથા પ્રતિવાદીઓ તરફે વિ.વ.શ્રી જી. એસ. પટેલની દલીલો સાંભળી ધ્યાનમાં લેવામાં આવેલ છે.

૬. પક્ષકરોનાં ઉપરોકત પક્ષ નિવેદનો તથા દલીલોનાં આધારે મારાં નિર્ણય માટે નીચેના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું વાદીનો પ્રથમ દર્શનીય કેસ છે ?

(૨) શું બેલેન્સ ઓફ કન્વીનીયન્સ વાદીના લાભમાં છે ?

(૩) જો મનાઈહુકમ ન આપવામાં આવે તો વાદીને નાણામાં ભરપાઈ ન થઈ શકે તેવું અનિવાર્ય નુકશાન થાય તેમ છે ?

(૪) શું હુકમ ?

૭. ઉપરોકત મુદ્દાઓના મારાં જવાબ નીચે મુજબ છે.

(૧) નકારમાં.

(૨) નકારમા

(૩) નકારમા

(૪) આખરી હુકમ મુજબ

૮. ઉપરોકત તમામ મુદાઓ કાયદા અને હકીકતની દ્રષ્ટિએ એકબીજાની સલંગ્ન હોય ચર્ચાનુ પુનરાવર્તન ટાળવાના હેતુ થી તમામની ચર્ચા એક સાથે કરવામા આવેલ છે.

**:કારણો:**

**<u>મુદ્દા નં.૧ થી ૩</u>:**

૯. એ સ્વિકૃત છે કે, વાદીએ હાલની અરજીથી કામ ચલાઉ મનાઈ અંગે સમન્યાયની દાદ માગેલ છે, જે સંમ્પૂર્ણપણે અદાલતની વિવેકબુધ્ધિની દાદ છે. આમ છતા ,આવી દાદના નિર્ણય સમયે કેટલાક ચોકકસ અને સ્થાપિત કાનૂની સિધ્ધાંતોને ઘ્યાને લેવાના રહે છે. એ સ્થાપિત છે કે, આવી દાદ મેળવવા માગનાર પક્ષકારે સામા પક્ષના કેસની નિર્બળતા પર આધાર ન રાખતા , સ્વતંત્રપણે તકરારી મિલકતમાં તેમનો કાનુની અધિકાર તેમજ સામા પક્ષ ધ્વારા તેનો ગેરકાયદેસર રીતે થતો ભંગ પ્રથમ દર્શનિય રીતે પુરવાર

કરવાં પડે. બીજા શબ્દોમા, આવી દાદ માગનારે તેનો પ્રથમ દર્શનિય કેસ પુરવાર કરવો પડે અને તે માટે પોતે દાવામા કરેલ પાયારૂપ કથનો પ્રથમદર્શનિય રીતે ભરોસાપાત્ર હોવાનુ પુરવાર કરવુ પડે. એ પણ સ્થાપિત સિધ્ધાંત છે કે, આવી દાદના નિર્ણય સમયે સગવડતાની સમતુલા કોની તરફેણમાં છે ? તેમજ મનાઈ હુકમ ન આપવામાં આવેતો વાદીને નાણાંમાં ન આંકી શકાય તેવું નુકશાન જવા સંભવ છે કે કેમ ? તે બાબતને પણ ધ્યાનમા રાખવી જરૂરી બને છે. જો કે, આ અંગે રજુ થયેલ દસ્તાવેજોને પુરાવાકીય ચુસ્તતાથી મુલવવાના હોતા નથી, પરંતુ તકરારી મિલકતની તકરાર સંદર્ભે યોગ્ય તે સ્થિતી જળવાય તેવા હુકમ માટે દફતરી સામગ્રીને કાંઈક અંશે ધ્યાનમાં લઈ યોગ્ય તે હુકમ કરવો જરૂરી બને છે. આ સ્થાપિત કાનુનની સ્થિતિના પરિઘમાં હુ હાલના કેસની ચર્ચા નીચે મુજબ હાથ ધરુ છું.

આ કામે વાદી તરફે તેમની દાવા અરજીમાં માંગેલ દાદ જોઈએ તો વાદીએ તેમની દાવા અરીજીમાં પેરા–૬(બ)માં એવી દાદ માંગેલ છે કે, દાવા અરજીના પેરા–૧માં જણાવેલ મિલ્કતમાં પ્રતિવાદીઓ જાતે અગર તેમના એજન્ટો, કુલમુખત્યાર, કપડીયા, મજુરો કે માણસો મારફતે દાવાવાળી મિલ્કતમાં પ્રવેશ કરે–કરાવે નહિ કે તેમ કરી દાવાવાળી મિલ્કતમાં વધુ બાંધકામ કરે કે, કરાવે નહિ તથા સદરહું જગ્યામાં અમો વાદીને આવ–જાવ કરતા અટકાયત, અવરોધ કે અંતરાત ઉભો કરે–કરાવે નહિ તેવો જાથુનો મનાઈહુકમ ફરમાવશોજી. જયારે વાદીઓએ આંક–પની દરમ્યાન મનાઈ અરજીમાં પેરા–૬(અ) એવી દાદ માંગેલ છે કે, દાવા અરજીના પેરા–૧માં જણાવેલ મિલ્કતમાં પ્રતિવાદીઓ જાતે અગર તેમના એજન્ટો, કુલમુખત્યાર, કપડીયા, મજુરો કે માણસો મારફતે દાવાવાળી મિલ્કતમાં પ્રવેશ કરે–કરાવે નહિ કે તેમ કરી દાવાવાળી મિલ્કતમાં વધુ બાંધકામ કરે કે, કરાવે નહિ તથા સદરહું જગ્યામાં અમો વાદીને આવ–જાવ કરતા અટકાયત, અવરોધ કે અંતરાત ઉભો કરે–કરાવે નહિ તેવો જાથુનો મનાઈહુકમ ફરમાવશોજી. આમ, વાદીએ દાવા અરજી તથા દરમ્યાન મનાઈ અરજીમાં એકસરખી દાદ માંગેલ હોઈ, આ કામની દરમ્યાન મનાઈ અરજીના નિર્ણયની સાથે સાથે દાવા અરજીનો પણ નિર્ણય થઈ જાય તેમ છે, જેથી વાદીને હાલના કામે દરમ્યાન મનાઈ હુકમ મળી શકે નહી, તેવું ઠરાવી હું મુદ્દા નં. ૧ થી ૩નો જવાબ નકારમાં આપી નીચે મુજબનો આખરી હુકમ કરું છું.

**: હુ ક મ :**

*(૧)* વાદીની હાલની દરમ્યાન મનાઈ અરજી આથી નામંજુર કરવામાં આવે છે.

(૨) આ અરજી નો ખર્ચ દાવાના પરિણામને અનુશરશે.

ઉપર મુજબનો હુકમ આજરોજ તારીખ ૧૮મી માહે નવેમ્બર સને ૨૦૧૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

**Date : 18/11/2016**
**Place : JAMBUSAR**

**Mr. Ghanshyam Dilipbhai Padia**
**GJ01072**
**Principal Civil Judge &**
**J. M. F.C., Jambusar, Dst.**
**Bharuch.**